જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૪૦ લીટર દેશી દારૂ અને ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૧૪/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** અરવિંદભાઇ જોઇતારામ પટેલ (રહે.યોગીરાજ બંગ્લોઝ, અન્નપુર્ણા હોટલની પાછળ, જશોદાનગર) એ તા.૨૯/૧૧/૧૫ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૧૧/૧૫ રાતના ૧૦/૩૦ થી તા.૨૯/૧૧/૧૫ નાં કલાક ૩/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.કરંગીયા ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૨૪૧૫/૧૫**

**શહેરકોટડા :** સ્મૃતીબહેન વા/ઓ અરવિંદભાઇ વર્મા (ઉ.વ.૩૫)(રહે.ઇંડીયાબુલ્સ સેન્ટ્રમપાર્ક, હરીભાઇ ગોદાણી હોસ્પીટલ સામે, સરસપુર) તા.૧૪/૧૧/૧૫ નાં કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાનાં ઘરે પ્રાયમસ ઉપર પાણી ગરમ કરતાં હતા દરમ્યાન ગરમ પાણી ઉતારવા જતાં પોતાના શરીરે ગરમ પાણી પડતાં, દાઝી જતાં સારવાર અર્થે તેમને ચંદ્રમણી હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૧/૧૫ બપોરનાં ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)